
# મેરૂતો ડગે પણ..

લે - શ્રી ગોર



**શ્રી ગોર આશ્રમ**
સપ્તસરોવર માર્ગ, રાની ગલી,
ભૂપતવાલા
હરદ્વાર (યુ. પી.)

**મેરૂ તો ડગે પણ...... લે - શ્રી ગોર**

[ ગંગાસતી તથા અન્ય ભજનો ઉપર રંગે અવધૂત
પ. પૂ. શ્રી ગોરજીના પ્રવચનનું સંકલન ]


સંકલન કર્તા : **અશોક ઉપાધ્યાય**
**ખરેડા**, તા. : મોરબી,
જિ. : રાજકોટ - ૩૬૩ ૬૪૧.



પ્રકાશક : **શ્રી ગોર આશ્રમ**,
હરદ્વાર (U. P.)

# પ્રાસ્તાવિક...

## ૐ શ્રી ગુરૂવે નમઃ
## પૂ. શ્રી આઈમાં નમઃ

પ્રસ્તુત પુસ્તિકા એ અર્થમાં અનોખી છે કે અત્રે વૈશ્વિક ચેતનાને ઝંકૃત કરી શકે તેવી મહાન વિભૂતિનું, અણમોલ રત્નો સમાન નવ ભજનો પરનું વકતવ્ય સંકલિત છે. જે આપણને જીવવાની, વિચારવાની, સમજવાની, સાધના કરવાની, અંદરથી ઓળખવાની, "તેને" પામવાની દિશા ખોલે છે.

શ્રી ગોર, હરદ્વાર આશ્રમ, મુખપૃષ્ઠ પર વાંચીને તેમના વિષે તથા પૂ. શ્રી આઇમાં વિષે વિગતે જાણવાની પ્યાસ આપને થઇ હશે. પૂ. શ્રી ગોરજી છેલ્લા પંદરેક વર્ષોથી રાજકોટ જિલ્લામાં, પોતાના વતન ખરેડા તા. મોરબી તથા આસપાસ રહી, અલખની નવી ચેતના જગાડી છે. અને હવે મહા અભિયાન પ્રસ્થાન રૂપે હરદ્વારમાં શ્રી ગોર આશ્રમ પ્રસ્થાપિત કર્યો છે. તેમનું પુસ્તક 'અ મન તડપત' વાંચી જવા આગ્રહભરી વિનંતી. પૂ. શ્રી આઈમાં એક અનેરા પ્રાગટ્યથી શ્રી ગોરજીના ચેતના પ્રવાહે જોડાઇ આપણને સૌને અનોખુ માર્ગદર્શન પુરૂ પાડી રહ્યા છે. અત્રેના બધા ભજનો પૂ. આઈમાંએ હાયલી ઇમોશનલ સેન્ટરથી ગાઈ રેલાવ્યા છે, જે સાંભળવા જ ખપે.

શ્રી ૐ શાંતિ આશ્રમ, માટેલ રોડ, નવા ઢુવા તરફથી કુ. કુસુમ અધારા નામે તેમની બે કેસેટો ગંગાસતી તથા પ્રકિર્ણ ભજનોની પ્રકાશિત થઇ છે આ ઉપરાંત આઈમાં તરીકેના પ્રાગટ્ય બાદ બે કેસેટો પ્રકાશિત થઈ છે. ભવિષ્યે અન્યોન્ય થશે.

પૂ. શ્રી ગોરજીના બે સાધકોની ડાયરી 'ચકમક લોઢું' ઘસતાં ઘસતાં' પ્રકાશિત થયેલ જ છે, જ્યારે અન્ય પુસ્તિકાઓ, પુસ્તકો પ્રકાશિત થઇ રહ્યાં છે પૂ. શ્રી ગોરજીના મરજીવા સાધકોનું વૃંદ આપને તેમની કૃપા ઝીલવા આહ્વાન આપે છે.

આપ માટે સંપર્ક સુત્રો આ રહયાં :

(૧) શ્રી ગોર આશ્રમ, હરદ્વાર

(૨) શ્રી ૐ શાંતિ આશ્રમ, નવા ઢુવા, મોટેલ રોડ, તા. વાકાનેર.

(૩) સ્વામી પ્રેમ વિસર્જન, 'ધ્યાનેશ' બેડી નાકા ટાવર, હનુમાન ગલી, રાજકોટ

આ ઉપરાંત આ સંકલન કર્તાનો સંપર્ક મેષ જીવન આરાધના મંદિર આડેસર (કચ્છ) ૩૭૦ ૧૫૫ તથા શ્રી ગોર આશ્રમ, ખરેડા, તા. મોરબી જી. રાજકોટ ૩૬૩૬૪૧ સાધી શકો છો.

આપના હૃદયને સ્પંદિત કરી નવ પ્રવાહે વાળવાનું કાર્ય આ પુસ્તક અવશ્ય કરશે, માટે હૃદયથી વાંચજો. અત્રે હાયલી ઇન્ટેલેકચ્યુઅલ, હાયલી ઇમોશનલ, હાયલી સ્પીરીચ્યુઅલ બાબતો સરળ, સહજ પ્રવાહિત સરિતાની માફક આપેલ છે, પ્રેમરૂપી સમુદ્રમાં વિલિન થવા માટે... વિલિન થવાયની અભ્યર્થનાએ,

"જયશ્રી ગુરૂદેવ"

'ૐ"

અશોક ઉપાધ્યાય

તા. ૧૦-૬-૯૩

# અલખની અભિવ્યક્તિનું ઉત્તમ સાધન ભજન....

## ૐ ગુરૂવે નમઃ ।

અલખની અભિવ્યક્તિ માટે ભજન એક ઉત્તમ સાધન તરીકે સૈકાઓથી આપણાં જીવનમાં વણાઈ ગયેલ છે. કબીર, મીરા, ગોરખ, નરસિંહ મહેતાથી માંડી ગંગાસતી, જેસલ તોરલ જેવા સેંકડો સંતોએ ભજન દ્વારા ઉપદેશ આપેલ છે જે વાત ગદ્યમાં પાનાના પાના ભરીને કહીએ તોય સચોટ ન કહી શકાય એ વાત ભજનની એકાદ કડી દ્વારા સચોટ રીતે કહી શકાય છે.

**ભજન –**

**આપણા લાગણી તંત્રને**
**મૂળથી ઢંઢોળે છે.**

મહાન ફિલસુફ ગુર્જીયેફ માનવ તંત્રને ચાર સેન્ટર્સ–થીંકીંગ એટલે વિચાર ઇમોશન એટલે ભાવ, ઈન્સ્ટીકટીવ એટલે વૃત્તિ અને મુવીંગમાં વિભાજીત કરી, આ દરેક સેન્ટરના નીચલા ભાગને Mechanical Part (યાંત્રિક વિભાગ), વચલા ભાગને Emotional Part (ભાવ પ્રદેશ) અને ઈન્ટેલેકચ્યુઅલ પાર્ટ (બૌદ્ધિક વિભાગ) નામ આપેલ છે Playing Cards એટલે કે ગંજીફાની ભાષામાં કહીએ તો ચોકડી (ડાયમન્ડ) એ થિંકિંગ, લાલ (હાર્ટ) એ ઇમોશન, કાળી (સ્પેડ) એ મુવીંગ અને કુલી (Club) એ ઈન્સ્ટીકટીવનું પ્રતિનિધિત્વ કરે છે આ દરેક કલરમાં બગી, તગી અને ચોગી એ મિકેનિકલ પાર્ટનું પંજો, છકો અને સત્તોએ ઇમોશનલ પાર્ટનું, અને અઠો, નવો, દશો એ ઇન્ટેલેકચ્યુઅલ પાર્ટનું પ્રતિનિધિત્વ કરે છે. મિકેનિકલ પાર્ટ એટલે કે બગી તગી અને ચોગી એ સાંસારિક દુનીયાની બાબતો સમજવા માટે સક્ષમ છે. પરંતુ શાસ્ત્રને સમજવા માટે સક્ષમ નથી. આ માટે

ઇમોશનલ પાર્ટ એટલે કે પંજો, છક્કો અને સત્તો ઉઘડવા – ખૂલવા જોઇએ. મિકેનિકલ પાર્ટથી શાસ્ત્રોનું હાર્દ પકડાય નહીં. **ભજનમાં સાહજિક રીતે આપણો ઇમોશનલ પાર્ટ ખુલે છે** અને આથી ઉચ્ચ ભૂમિકાની વાત આપણે વિકૃત કર્યા વિના ઝીલી શકીએ છીએ.

જ્યારે લખવાં, છાપવાં કે રેકર્ડ કરવાના કોઇ સાધનો ન હતા તે વખતના ભજનો એક પાસેથી બીજો સ્વમુખે શીખતા, જે આજ સુધી બહુ વિકૃત થયા વિના જળવાઈ રહ્યું છે, એ ઓછા આશ્ચર્યની વાત નથી.

[ભજનની શરૂઆતમાં સાખી ગાવાની પ્રણાલી છે. સાખી એ 'સાક્ષી' શબ્દનું **અપભ્રંશ** છે. સામાન્ય રીતે સાખીમાં સદ્‌ગુરુનું સ્મરણ કે ગણપતી દેવ કે સરસ્વતીદેવીનું સ્મરણ હોય છે

આવો કેટલીક સાખીઓનો રસાસ્વાદ કરીએ :

"ગુરૂ ગુરૂ મેં ભેદ હૈ; ગુરૂ ગુરૂ મેં ભાવ, ।<br>
કરજોડી ગુરૂ ચિત્ત વંદીએ શબ્દ બતાવે દાવ." ॥

"બંદેકો બંદા મિલે, અને છુટે કૌન ઉપાય ?<br>
કરબંદગી નિરબંદકી પલમેં તીને છુટાય" ॥

"ગુરૂ નારાયણ રૂપ હૈં, ગુરૂ જ્ઞાન કા ઘાટ. ।<br>
સદ્‌ગુરૂ વચન પ્રતાપ સે; મનકે મિટે ઉચાટ. ॥

"તો ગુરૂ ઐસે કિજીયે, જૈસે પુનમ કા ચાંદ, ।<br>
તેજ આપે પણ તપે નહીં, ઉપજાવે આનંદ." ॥

"કામીકા ગુરૂ કામ હૈ અને લોભીકા ગુરૂ દામ, ।<br>
ગુરૂ કબીર કા સંત હૈ; સંતન કા ગુરૂ રામ." ॥

"દુંદાળો દુખ ભંજણો, અને સદાયે બાળાવેશ ।<br>
પ્રથમ પહેલાં સમરીએ, ગૌરી પુત્ર ગણેશ" ॥

"સદા ભવાની સહાય રહો, સનમુખ રહો ગણેશ ।<br>
પંચદેવ મળી રક્ષા કરો, બ્રહ્માં, વિષ્ણું, મહેશ ॥

ગુરૂ મહાત્મય માટેની નીચેની સાખીઓ ઉંડાણુ સભર, ગહન સાથે સાથે સરળત્તમ છે :-

**"ધ્યાનં મૂલં ગુરૂ મૂર્તિ, પૂજા મૂલં ગુરૂ પાદુકા ।**
**મંત્ર મૂલં ગુરૂ વાકયમ્, મોક્ષ મૂલં ગુરૂ કૃપા ॥**

✻

"સદ્ગુરૂ ધોબી જ્ઞાન હૈ જલક સાબુ સરજનહાર, ।
સુરત શિલા પર ધોઇએ, નિકલે જયોત અપાર" ॥

✻

"એક શબ્દ ગુરૂદેવકા, અને તાતકા અનંત વિચાર, ।
થાકે મુનિજન, પંડિતા, ભેદ ન પાવે પાર." ॥

✻

ઘણીવાર માત્ર બે પંક્તિઓની સાખીમાં જીવનના ગહનતમ્ રહસ્યોનું અને અધ્યાત્મનું હાર્દ આવરી લેવામાં છે. દા. ત.

✻

"મન મેરા પંછી ભયા અને જહાં જહાં ઉડ ઉડ જાઉં, ।
જહાં જૈસી સંગત કરે, તહાં ઐસા ફલ પાઉં." ॥

✻

"પ્રીત કરી સુખ લેન કો અને ઊલટી ભયી દુઃખ દેન, ।
કહની આગ લગાય કે; દોડી યાની લેત." ॥

✻

"જીવન, જોબન, માલ ધન, અવિચલ રહે ન કોય, ।
એક ઘડી આનંદ કી, જીવન કા પલ સોય." ॥

✻

"સુમિરન મેં સુધ લેત હૈં ભીડ પડી ગજરીજ, ।
જાકો જગમેં કોઇ નહીં, તાકો ગરીબ નવાજ." ॥

"પ્રિત જહાં પરદા નહીં, અને પરદા તહાં નહિ પ્રિત, ।
પ્રિત જહાં પરદા રહ્યા, સોહિ ન કરી પ્રિત" ॥

*

"જયોં તિલિ ભિતર તેલ હૈં, જયો ચકમક મેં આગ, ।
તેરા પ્રિતમ તુંજમેં બસે, જાન સકે તો જાન." ॥

*

"એક શબ્દ દો કાન હૈ એક નજર દો આંખ, ।
ગુરૂ ગોવિંદ દો એક રૂપ હૈ, ઝાંક શકે તો ઝાંક" ॥

*

"મન કે મતે ન ચાલિયે, મન કે મત અનેક, ।
જો મન પર અસવાર હૈ, સો સાધુ કોઇ એક." ॥

*

–આમ ભજન, સાખી અલખની અભિવ્યક્તિ માટેનું સરળ સાધન છે. આવો, આ સરળ સાધન વડે યાત્રા 'સરળ' બનાવીએ........

# અનુક્રમ....

ભજન–૧

૧. 'મેરૂ તો ડગે પણ જેના મનડા ડગે નહિ.'

※

૨. પૂ. ગુરૂશ્રી ગોરજીનું વક્તવ્ય

ભજન–૨

૩. 'ધન ગુરૂ દાતા........"

※

૪. પૂ ગુરૂશ્રી ગોરજીનું વકતવ્ય

ભજન–૩

૫. "પહેલા પહેલા જુગમાં રાણી" પૂ. જીગુરૂનું ઉદ્બોધન

ભજન–૪

૬. "છોડી મતજા..." તથા પૂ ગુરૂદેવશ્રીનું વકતવ્ય.

ભજન–૫

૭ 'જાડેજા પરદેશમાં નથી........" ભજન પરનું વિવેચન

ભજન–૬

૮. "ભક્તિ કરવી તેને ....." પૂ. શ્રી ગોરશ્રીનું વકતવ્ય.

ભજન–૭

૯. "આત્માને ઓળખ્યા વિના......" શ્રી ગોરવાણી

ભજન–૮

૧૦. "સાધુ તારો સંગડો......" શ્રી ગુરૂવાણી

ભજન–૯

૧૧. "જેસલ કરી લે વિચાર......" પૂ. ગુરૂજીનું દષ્ટિબિંદુ

※

૧૨. સમાપન બોલ

# ❋ મેરૂ તો ડગે પણ ❋

મેરૂ તો ડગે પણ જેના મન ન ડગે,
ભલે ભાંગી પડે બ્રહ્માંડ રે,
વિપત પડે પણ વણસે નહી રે
સોહી મારા હરિજનના પ્રમાણ રે......મેરૂ.. ...

ચિત્તની વૃત્તિ જેની સદા નિર્મળ રાખે
ને કરે નહી કોઇની આશ,
દિયે દાન પણ રહે અજાચક
વચનોમાં રાખે વિશ્વાસ......મેરૂ......

સુખ ને દુઃખની જેને ન આવે હેડકી
ને આઠેય પ્હોર આનંદ રે,
નિત્ય રહે સત્સંગમાં એ તો
તોડે રે માયા કેરી જાળ રે .....મેરૂ......

તન, મન, ધન ઈ તો ગુરૂજીને અર્પે
એ તો ધન્ય નિઝારી નર ને નાર,
એકાંતે બેસીને અલખ આરાધે તો
પ્રભુજી પધારે એને દ્વાર... . મેરૂ .....

સંગતુ કરો તો તમે એવાની કરજો
ભજનમાં રહેજો ભરપુર,
ગંગાસતી એમ બોલિયા રે પાનબાઈ
જેના નયણોમાં વરસે સાચા નૂર .. મેરૂ......

મેરૂ તો ડગે પણ જેના મન ન ડગે
ભલે ભાંગી પડે બ્રહ્માંડ રે,

—આઈશ્રી ગંગાસતી

# ભજન-૧

## આઈશ્રી ગંગાસતીના ભજન સંદર્ભ

## -: શ્રી ગોરજીનું વકતવ્ય :-

આપણાં જીવનનો પાયો તકલાદી છે જીવન પોતે જ ક્ષણભંગુર છે. ક્ષણભંગુર મૂલ્યના પાયા ઉપર આપણે જીવનની, મનની, પ્રેમની, સાધનાની, સંબંધની, ધર્મની ઇમારત રચીએ છીએ, અને આ ઈમારતમાં કાયમીપણાનો ગુણ આરોપીએ છીએ આ ભ્રમણા ત્યાં સુધી આપણાં માટે સત્ય રહે છે, જયાં સુધી જીવનના મૂલ્યો પ્રતિ આપણી શ્રદ્ધા તુટતી નથી. જયારે જીવનનાં બધા જ મૂલ્યો, આ મૃત્યુલોકની દરેક બાબત નિરર્થક દેખાવા લાગે ત્યારે ખરી સાધના પ્રગટે છે. જે ધરતી પર આપણે ઊભા છીએ તે જ સરકવા લાગે ત્યારે આપણી નજર આકાશ ભણી મંડાય છે. આ ધરતી ને; આ કાયાને આઇ શ્રી ગંગાસતી 'મેરૂ' કહે છે આ મેરૂ ડગમગવા લાગે ત્યારે આત્મતત્વ સિવાયનું બધુ જ ખરવા લાગે છે.

આપણે કલ્પનાના બ્રહ્માંડમાં જીવીએ છીએ, ને આ બ્રહ્માંડનો ભાંગીને ભૂકકો થઇ જાય છે બધા જ અર્થ ખરી પડે છે ..... માત્ર રહે છે પરમઅર્થ... ..

આ ઘડી;<br>
આ વેળા,<br>
દરેક સાચાં સાધકને વહેલી મોડી આવે છે.<br>
ને આવે વખતે<br>
જે સાધક સ્થિર રહે,<br>
જે સાધક મથ્યા કરે,

તે જ ટકી શકે છે ને આગળ વધી શકે છે.

જીવન અને સાધના આ બે માંથી કોઇ પણ એકની પસંદગી કરવાની રહે છે. અને જે સાધક જીવનના ભોગે સાધનાને સ્વીકારે છે, જે સાધક જીવન કરતાં સાધનાને વધુ મૂલ્યવાન ગણે છે, તે જ ખરો સાધક છે.

વિપત્તિ માત્ર પાર્થિવ જીવનની દેણગી છે, ને પાર્થિવ જીવનને, તેમાંથી પ્રગટતી વિપત્તિને સાધક સાધનાના નકારાત્મક પરિબળ તરીકે (Negative force) જુએ છે, ત્યારે તે વિપત્તિ પડે ત્યારે વલખતો નથી. ઊલટું વિપત્તિમાંથી શીખે છે.

વિપત્તિમાંથી શીખે –
વિપત્તિમાં જાગૃત રહે –
તે ખરો સાધક.
તે જ હરિ-ઇશ્વરનો હોવાનું પ્રમાણ,
તે જ આપણાંમાનાં અપાર્થિવ તત્વના હોવાનું
પ્રમાણ .....

આપણાં જીવનનો આધાર દ્વંદ્વ છે શરીર દ્વંદ્વના આધારે છે. શરીર આધારિત મન દ્વંદ્વના આધારે છે. આપણે માત્ર દ્વંદ્વ જોઈ શકીએ છીએ, માત્ર દ્વંદ્વ જીવી શકીએ છીએ જેણે જીવનનો આધાર છોડી દીધો છે, તેના દ્વંદ્વ પણ છૂટી જાય છે; એને દ્વંદ્વની હેડકી આવતી નથી દ્વંદ્વાતીત અવસ્થામાં તે જીવે છે. હરખ અને શોકને બદલે આનંદમાં, પરમાનંદમાં જીવે છે.

આપણી જે સ્થિતિ છે તે સ્થિતિમાં આનંદ માત્ર એક કલ્પના છે. બહુ બહુ તો વ્યસન છે. સંતો માટે આનંદ વાસ્તવ છે, હક્કિત છે. પીડા, દુઃખ, અજ્ઞાન કલ્પના જેવા તરંગ સમાન છે. આપણી સ્થિતિ આથી એકદમ ઊલટી છે આપણી પીડા, આપણું દુઃખ, આપણું અજ્ઞાન વાસ્તવિક છે. જીવન દુઃખનો પર્યાય છે – આપણા માટે......

સમગ્ર અધ્યાત્મકયાત્રા
યાચક મટી દાતા બનવાની
પ્રક્રિયા છે...

દરેક માણસ જન્મે યાચક છે જાગૃતિ દ્વારા આપણે દાતા બનવાનું છે. આથી સાધક આપ્યા કરે છે ..... સાથોસાથ **અજાચક** પણ રહે છે સાધક જિંદગી પાસેથી કાંઈ માંગતો નથી, ઊલટું સંસારને તે આપ્યા

કરે છે. જે આપે છે એના માટે જ સંસાર સાર છે, બીજા માટે અસાર... આ માટે પહેલાં ચિત્ત શુદ્ધિ આવશ્યક છે આશા માત્રમાં વ્યક્ત કે અવ્યક્ત રૂપે બીજો (The other) છુપાયેલ હોય છે. આમ એ દ્વંદ્વાત્મક છે, સાંસારિક છે. સાધક આશા છોડી છે, સાથે જ નિરાશા પણ છૂટી જાય છે.

આપણી સ્થિતિમાં
આનંદ-પરમાનંદ
અકલ્પય અશકય છે.
તેથી
સત્સંગ પણ શકય નથી !
છદ્મ આનંદની જેમ છદ્મ સત્સંગ પણ
આપણે ઉભો કરી લઇએ છીએ......

ખરો આનંદ, ખરો સત્સંગ પ્રગટાવે છે. ને ખરો સત્સંગ મનની ભ્રમણાઓને શકિતવિહિન બનાવે છે આપણી Personality Passive બને છે માયા આભાસી લાગવા માંડે છે ..... આટલી યાત્રા પણ એકલા થતી નથી, ડગલે ને પગલે ગુરૂની જરૂર પડે છે પણ આટલી યાત્રા પછી સાધકને ગુરૂની ખરી મહત્તા દેખાય છે, ગુરૂ "દાતા" છે-એ દેખાય છે. અને એટલે સાધક તન, મન અને ધન ગુરૂને અર્પે છે એ સમજણુ સાથે કે તન, મન અને ધનની શુદ્ધિ જરૂરી છે. આ શુદ્ધિ એકલાંથી થતી નથી અને એટલે ગુરૂજીને શુદ્ધિકરણુ માટે આપે છે.-ગુરૂજી સ્વીકારે એવી આજીજી સાથે... **જે તન, મન અને ધન એટલે કે સર્વસ્વ અર્પે છે તેનો અધ્યાત્મ જગતમાં ખરો પ્રવેશ થાય છે.** સાધક ધન્ય બની જાય છે. ગુરૂ સાથે સતત સંપર્ક જોડાય છે ..... આત્મીય સંબંધ રચાય છે, સંસાર ખરી જાય છે.

ભક્ત (સાધક) હવે ભરબજારે પણ એકાંતમાં રહી શકે છે. રહે છે પણ હજી આ યાત્રા પૂરી થઇ નથી. હજી પણ નીચે પડવાનો ભય છે. સાકાર સાથે, ઇશ્વરના સાકાર રૂપ સાથે, ગુરૂ સાથે તો સાધકનું પૂરું જોડાણુ

(ટયુનીંગ) થઈ ગયું છે હવે નિરાકારમાં પ્રવેશવાનું છે જેનો કોઇ આકાર નથી, જેનું કોઇ રૂપ નથી, જે સદા અવ્યકત છે, એ પામવા હવે સાધક મથે છે, પ્રાર્થે છે, ઉપાસે છે, આરાધે છે, અને જે અપ્રગટ છે એ એક દિવસ ભક્ત આગળ પ્રગટે છે.

<u>અપ્રગટયનું પ્રાગટય</u> –

એ જગતનો સૌથી મોટો ચમત્કાર છે,
વિશ્વની સૌથી આશ્ચર્યજનક ઘટના છે......

નિરાકાર ભક્ત માટે સાકાર બને છે.

આપણે જીવનમાંથી શીખીએ છીએ. જીવન એટલે સંબંધ. સાધકે જીવનના મૂલ્યો સામે ઝઝુમવાનું છે. સંબંધથી જન્મતા તાદાત્મયને તોડવાનું છે. ઘણીવાર એકાંતમાં પણ આપણે આપણાં નીચા લેવલે જીવીએ છીએ. ✻ જેટલો સમય ઊંચી અવસ્થાએ ટકી શકાય એટલો સમય એકાંતમાં અને બાકીનો સમય સત્સંગમાં જેને ફકીરીનો રંગ લાગ્યો છે એવા મરજીવાની સંગાથે વિતાવવો ✻

આવા મરજીવા કયાં ગોતવા ? એને કેમ ઓળખવા ? આ પણ ગંગાસતી કહે છે –

જેની આંખોમાંથી તેજ પ્રગટતુ હોય,
જેની હાજરીમાં શાંતિ અનુભવાતી હોય,
જેની ઉપસ્થિતિમાં ખોટું એ ખોટું લાગવા લાગતું હોય,
જેની નઝર આપણાં હૃદયમાં હલચલ મચાવતી હોય.

આ મરજીવા કહેવાય હવે આવાનો સંગ કરવાનો છે, જે મળ્યું છે; તે વહેંચવાનું છે, જે છે તે જીવવાનું છે.

# ભજન—૨

## ધન ગુરૂ દાતા........

ધનગુરૂ દાતા રે મારા ધનગુરૂ દેવાને
મારા સદ્ગુરૂએ એ શબ્દ સમજાવ્યો
ગુરૂજીનો મહિમા હું તો પલપલ વખાણું
મારા પંડના રે પાપો બળી જાય......ધનગુરૂ......

સુતો જગાડયો મને, દેશ રે દેખાડયો
એજી અલખ પુરુષને ઓળખાવ્યો
બુડતાને અમને મારા ગુરૂજીએ તાર્યા
ને પછી જમડાના હાથેથી છોડાવ્યા..... ધનગુરૂ......

આ દેહ રે તણી ભાઈ ખાલ રે પડાવું
એને સોનેરી રંગમાં મઢાવું
તેની મારા ગુરૂજીની મોજડી સિવડાવું
તોય મારા રે ગણ ઓછા કેવાય......ધનગુરૂ

ગૌદાન દેવે ભલે ભૂમિદાન દેવે
ભલે કંચનના મહેલ લુંટાવે
કાશીએ જઇને ભલે કન્યાદાન દેવે
ના આવે મારા ગુરૂજીની તોલે .....ધનગુરૂ......

સદ્ગુરૂ મલીયા અમને સંશય બધા ટળી ગયા
અમને લખ રે ચોરાસીથી છોડાવ્યા
વાઘનાથ ચરણે બાવો રૂખડીયો બોલ્યો
અમને મુક્તિના માર્ગે ચડાવ્યા.... . ધનગુરૂ......

—શ્રી રૂખડિયા બાવા

# -: પૂ. ગુરૂજી શ્રી ગૌરનું વક્તવ્ય :-

ગુરૂ સાથે આકર્ષણ-વિકર્ષણના પાયા ઉપર આપણાં બધાં સંબંધો રચાયા છે આવા સંબંધોમાં મોહ, ઇર્ષા, સ્વાર્થ કલ્પના; નકારાત્મક લાગણીઓ, પઝેસીવનેશ, યાંત્રિકતા, સત્તા, ગેરસમજ, અપેક્ષા-આ બધું પ્રગટયા કરે છે આ લૌકિક સંબંધથી વ્યક્તિ ધરાઈ જાય ત્યારે જીવનની પેલે પારનાં સંબધ માટે પ્રાણ તલપે છે. અલૌકિક સંબંધ માટે દિલ ઝૂરે છે. એ ખરું છે કે શિષ્ય લાયક થાય ત્યારે ગુરૂ પોતેજ તેની પાસે, તેના ઘરે, તેનાં આંગણે પધારે છે. સાથોસાથ એ પણ એટલું જ ખરૂં છે કે હજી જયાં સુધી શિષ્ય લાયક નથી બન્યો ત્યારે જ એને ગુરુની સૌથી વધારે જરુર હોય છે **ગુરૂનો ભેટો આકસ્મિક થતો નથી.** માત્ર હાડ - માંસના ચામડાનાં જ સંબંધો આકસ્મિક રીતે બંધાય છે. એટલે શિષ્ય ગુરુની શોધમાં નીકળે છે. જેને કદિ જોયા પણ નથી એનાં વિરહમાં રોવે છે. દર-દર, ઘર-ઘર ભટકે છે

બારણાં પર પડતો દરેક ટકોરો શિષ્યનાં દિલમાં ગુરુ પધાર્યાની હલચલ મચાવે છે દરેક પગરવ ગુરુનાં આગમનનું એંધાણ બની જાય છે. શિષ્ય દૂર દૂર નજર કરીને ગુરુની રાહ જુવે છે. શિષ્ય હરેક ક્રિયા, દરેક વિચાર, એકેક લાગણીમાં ગુરુ પ્રવેશી જાય છે. શિષ્યનું રોમે રોમ ગુરૂજી માટે તડપે છે. અ રીતે શિષ્ય પોતાને ગુરુને લાયક બનાવે છે ચાતક જેમ એંઠા પાણીથી મોં ફેરવીને વરસાદની રાહ જોયા કરે છે, એમ શિષ્ય પણ સંસાર અને શાસ્ત્રો ભૂલી જઇને ગુરુની રાહ જોયા કરે છે. એક દિ કોઈ ધન્ય પળે શિષ્યને ગુરુનો ભેટો થાય છે. ગુરુતો જનમ જનમથી શિષ્યને ઓળખતાં જ હોય છે પરંતુ પહેલી જ નજરમાં શિષ્ય પણ ગુરુને ઓળખી જાય છે. જેમાં એક રૂપ થવા પોતાનો પ્રાણ તડપતો હતો. જેમાં ઓગળી જવાં અંતરાત્મા જનમો-જનમથી પોકારતો હતો. એમાં એનો પ્રાણ; એનો અંતરાત્મા ડૂબવા લાગે છે નદી સાગરમાં વિલિન થવા લાગે છે પણ આટલેથી જ કામ પુરૂં થઇ જતું નથી. હવે જ શિષ્યનું મન, સંસારની

માયા, એનો ખરો રંગ દેખાડે છે. ગુરૂ શિષ્યના મનને ભાંગવા મથે છે ને શિષ્યના ગુરૂનાં ઘાથી બચવા મથે છે. શિષ્ય જીવનમાંથી જે કાંઇ શીખ્યો છે, શિષ્યે જીવનમાં જે કાંઇ મેળવ્યું છે, તે બધું ગુરૂ શિષ્યના સંબંધમાં આડે આવે છે. ગુરૂ-શિષ્ય વચ્ચે સંતાકૂકડીની રમત રમાય છે.

**ઘડીભર, ક્ષણવાર શિષ્યો** ગુરૂમાં ઓગળે ત્યારે આનંદના ઓઘ ચાખે છે.......... પણ મન તરત જ દશ ગણાં જોરથી શિષ્યને જીવનની સપાટીએ લાવી દે છે. શિષ્યોનો અહમ્ એટલો તો જાડો થઇ ગયો હોય છે કે તિક્ષણ હથિયાર વિના કપાતો નથી. ગુરૂ શિષ્યના અહમ્ પર જનોઇવઢ ઘા મારે છે. શિષ્યને, શિષ્યના અહમ્‌ને તો ગુરૂ ક્રુર, કઠણ કાળજાનાં, દયા વિનાનાં લાગે છે. પરંતુ હકિકતે ગુરૂ શિષ્ય પર કડક થાય છે. કારણ કે તે શિષ્યને નિર્વ્યાજ પ્રેમ કરે છે, શિષ્યનું કલ્યાણ કરે છે. ગુરૂ શિષ્યને એટલો બધો પ્રેમ કરે છે કે ગુરૂ શિષ્ય માટે પોતાની જાગૃતિ, પોતાનું સંત હોવા પણું પણ હોડમાં મૂકે છે. આમ છતાં શિષ્યની દૃષ્ટિ હજી લાભ પર હોય છે. જ્યારે ગુરૂ શિષ્યનું શુભ ઇચ્છતાં હોય છે. શિષ્ય લાભ-હાનિમાં જીવે છે, જ્યારે ગુરૂ એને શુભ-અશુભના પ્રદેશમાં ખેંચે છે શિષ્ય લાભદાયી લાગે એવા અશુભ કર્મોમાં ખેંચાઈ જાય છે. જ્યારે ગુરૂ શિષ્યને હાનિકારકથી શુભકર્મો તરફ વળે એ માટે મથે છે.

શિષ્ય ગુરૂ સાથે ઝઘડે છે, ગુરૂથી ભાગે છે, બેહોશ થઈ જાય છે. છટકવા હજાર કોશિશ કરે છે પણ પાછું ગુર વિના રહી પણ નથી શકાતું. એકવાર અલખનો સ્વાદ ચાખી લીધો છે એટલે હવે લાંબો સમય હાડકા ચૂસી શકાતા નથી. શિષ્ય ગુરૂ તરફ મોઢું ફેરવે ત્યાંજ એની આંખ ઉઘડવા મથે છે. અત્યાર સુધી જે આભૂષણ હતા તે હવે બંધન લાગવા માંડે છે. પોતાની બુદ્ધિ ઉપરની શ્રદ્ધા મોળી પડે છે. હજી બધા બંધન પૂરા છુટયા નથી, નજર ગુરૂ ઉપર છે, પણ હાથપગ હજી ચામડા ચુંથે છે. ગુરૂ હજી દૂર છે આકાશ કુસુમવત્ છે. દયા કરીને ગુરૂ શિષ્ય પાસે આવે છે, શિષ્યને પુકારે છે. શિષ્યને માથે હાથ ફેરવે છે શિષ્યને ખોળામાં બેસાડે છે. પછી

હળવેકથી ગુરૂ શિષ્યથી થોડા દૂર ઉભા રહે છે. હવે શિષ્ય ગુરૂ પાસે જવા મથે છે. શિષ્ય ગુરૂ પાસે જવા મથે છે. શિષ્ય અત્યાર સુધી ગુરૂ-મુખી હતો, હવે ગુરૂગામી બને છે.

ધીરે ધીરે, હળવે હળવે ગુરૂ શિષ્યને અલખનાં દરબારમાં લઇ જાય છે. જ્યાં સુધી ગુરૂ તરફ શિષ્યની પીઠ હોય ત્યાં સુધી એને ગુરૂનું મૂળરૂપ, સ્વરૂપ દેખાતું નથી ગુરૂની મહત્તા દેખાતી નથી. અત્યાર સુધી ગુરૂ માંગણુ લાગતા હતા પણ ગુરૂ તરફ મુખ કરતાં જ ગુરૂ હવે દાતારૂપે પ્રગટ થાય છે.

આપણે ગુરૂને કાંઇ જ આપતા નથી,
આપી શક્તા નથી...
જ્યારે
ગુરુ આપણુને અહર્નિશ આપ્યા કરે છે,
સુરજ આપણુને જીવન-શકિત આપ્યા કરે છે,
આપણુને પોષે છે,
આપણાં સાથે સંબંધાય છે,
પણ આપણે સુરજને કાંઇ આપી શક્તા નથી.
આપણે સુરજ સાથે સંબંધ બાંધી શકતા નથી.
**આવું જ ગુરૂ શિષ્યના સંબધમાં છે......**
ગુરૂ-શિષ્યનો સંબંધ પણ એકમાર્ગી ONE-WAY છે.

ગુરૂતો શિષ્ય સાથે હંમેશ જોડાયેલ હોય છે, પણ શિષ્ય એટલો ઊંચો ઉઠી શકતો નથી, સુરજ સાથે સંબંધિત થવા જેમ પાર્થિવ સંબંધોથી ઉપર ઉઠવું પડે છે. ઘણીવાર આપણે ગુરૂને આપણાં લેવલે શરીરથી, મનથી, લાગણીથી બાંધી રાખવા મથીએ છીએ જ્યારે ગુરૂ આપણુને આ કક્ષાએથી ઊંચે ચઢવા પ્રેરે છે આપણે ગુરૂને આપણાં વાસનાભર્યા પ્રેમથી બાંધવા મથીએ છીએ જ્યારે ગુરૂ આપણુને ભકિતથી ભરપૂર પ્રેમ તરફ ખેંચી જાય છે. એક "કશ્મકશ" ચાલે છે. પણ વહેલાં-મોડા પણ ગુરુનો પ્રેમ જીતે છે. કારણ કે ગુરુને જીતવાની કોઈ આકાંક્ષા નથી હોતી. ધીરે ધીરે શિષ્યને

પોતાની અસાહ્યતા અને ગુરુની મહત્તા દેખાય છે. અહોભાવથી શિષ્ય ઝૂકી જાય છે. ગુરુના ખોળમાં માથુ મૂકી શિષ્ય હૈયું ઠાલવે છે. ગુરુને ધન્યવાદ પણ આપી શકતા નથી કારણ કે **ગુરૂ ખુદ ધન્ય છે. ગુરૂની ધન્યતા શિષ્યને પણ ધન્ય બનાવે છે.**

આપણો આત્મા સૂતેલો હતો. આપણાં ચુલાની આગ રાખ થઈ ગઈ હતી તેમાં ગુરુ ફરી પ્રાણ પ્રગટાવે છે. આપણાં પ્રાણુને આગ લગાડે છે. વિશાલ-દિપમાંથી એક નાનકડો દિપ પ્રગટે છે. શિષ્યને હવે ગુરુ પોતિકા-મારા લાગે છે ગુરુ પોતાનાં છે, અને પોતે ગુરુનો છે-એ ભાવ પ્રગટે છે, પ્રજ્વળે છે. શિષ્યનું શરીર હવે વાસનાપૂર્તિ માટે નહીં પણ સેવા અર્થે છે. સ્થુળ શરીર, ભાવ શરીરને કારણ શરીર, આ બધા શરીર કર્મ કરે છે. **આત્મ અકર્તા** છે એટલે માત્ર આત્મામાં પૂણ્ય હોય છે. આત્મામાં પાપ હોઈ શકે નહીં. આ રીતે શરીરના લેવલે પૂણ્ય હોઇ શકે નહીં. **ગુરૂ આત્મસ્થ છે,** આત્મામાં આરૂઢ છે. અને આવા આત્મરુઢ ગુરુનાં સ્મરણથી પંડના પાપ ગળવા લાગે છે

ગુરુજીનો માહમાં શિષ્ય પલપલ વખાણે છે. આ કહેવું જરા અતિશ્યોક્તિ ભર્યું લાગે પણ આવી સ્થિતિ અસંભવ નથી. ગુરુ સાથે એકવાર નાતો જોડાઇ ગયા પછી શિષ્યનાં દિલમાંથી ગુરૂ ક્ષણભર પણ વિસરતા નથી. ગુરૂ શિષ્યના હૃદયમાં જ બિરાજે છે. સાધકના ખોળિયામાં પ્રાણ ધબકે છે કાળ અને વિચાર આપણને સુતા રાખે છે. ગુરૂ આપણને કાલાતીત અને નિર્વિચાર અવસ્થામાં લઇ જાય છે, ત્યારે આપણે જાગીએ છીએ આપણે પરદેશમાં પ્રીતડી બાંધી બેઠા છીએ. ત્યાંથી જગાડી ગુરૂ આપણો દેશ દેખાડે છે. આપણને આત્મતત્વ સાથે જોડે છે. મૃત્યુમાંથી અમૃતમાં લઇ જાય છે. ગુરૂનું દાતા રૂપ તો શિષ્યે જાણ્યું છે... હવે ગુરૂને કર્તારૂપે પણ જુએ છે પહેલાં શિષ્ય પોતાને કર્તા Active Partner માનતો હોય છે, અને ગુરૂને દ્રષ્ટા Passive Partner... .. પણ જ્યારે પોતાની મર્યાદા, પોતાની અસાહ્યતા, પોતાની નિર્માલ્યતાનાં ભાન સાથે પ્રાણનો પુકાર શિષ્યના દિલમાંથી નીકળે છે, ત્યારે ગુરુ અકર્તા મટી શિષ્ય માટે, શિષ્ય પર

કરુણા કરી કર્તા બને છે, અને તેને જગાડે છે. ગુરૂ પુરુષ અને શિષ્ય સ્ત્રૈણ બને છે બધી જ સાધના ગુરૂ સાથે જોડાવા સુધીની સાધના છે.....

**ગુરૂ સાથે જોડાયા પછી પણ કરવાની ખંજવાળ મોટી મુર્ખામી છે !** શિષ્યે તો ખાલી બની, પ્રેમી બની, સ્ત્રૈણ બની રસ ઝીલવાનો છે. શિષ્ય પુરુષ રહે છે, કઠણ રહે છે ત્યાં સુધી કૃપા ઝીલી શકતો નથી શિષ્યને હવે પોતાની જનમો – જનમની ભટકન દેખાય છે કેટલાક જન્મોથી ગુરૂ એને જગાડવા મથે છે એનો અહેસાસ થાય છે ગુરૂ તો મોક્ષ પામી ગયા છે તો પણ પોતાને માટે દયા કરી ફરી ફરી મનુષ્ય દેહ ધારણ કરે છે ... ધીરજ રાખી સમય પાકવા દે છે. શિષ્યની હજારો અવળચંડાઈ સહે છે ગુરૂ પદ છોડી શિષ્યની સેવા કરે છે ! આમ બધું શિષ્ય અનુભવે છે આવડું મોટું ઋણ શિષ્ય કેવી રીતે ચૂકવી શકે ? શરીરની ચામડીમાંથી ગુરૂજીની મોજડી બનાવું તો યે આ ઋણ ન ચુકાવાય એવી લાગણી શિષ્યને થાય છે

હકિકતે તો ગુરૂ–શિષ્યનાં સંબંધ ઋણાનુબંધથી તો પર હોય છે. આ એક જ સંબંધ એવો છે જેને ઋણનું બંધન નથી. બાકીના બધા જ સંબધો ઋણાનુબધના છે શિષ્યે ગુરૂ – શિષ્યનાં દ્વદ્વને તોડી ગુરૂ સાથે સંપૂર્ણ એકાત્મ ભાવે જીવવાનું છે. ગુરૂમાં સંપૂર્ણ ઓગળી જવાનું છે. ગુરૂની જલતી ધુણીમાં શિષ્યે સ્વાહા થઈ જવાનું છે હવે શિષ્ય ગુરૂમય બની જાય છે. ગુરૂ વિના એને કાંઇ ભાવતું નથી આખું જગત એને ગુરૂમય લાગે છે. ગુરૂ એને મન સર્વસ્વ છે. એનાં ગુરૂની તોલે આવે એવું જગતમાં કોઇ જ નથી. અને કાંઈ જ નથી એમ એને લાગે છે પોતાનો મદ. મોહ, માન, બધુ ગુરૂમાં ઓગળી જાય છે ગુરૂથી જુદાઇના, ગુરૂથી અલગ અસ્તિત્વનાં શમણાં ખરી પડે છે. ગુરૂ અને પોતે એક જ છે, એક જ આત્મા છે, માત્ર શરીર જુદા છે એની પ્રતિતિ થતા બધા સંશય, બધી વિટંબણા, બધી બીક ખરી પડે છે લખ ચોરાસીના ફેરાને તોડી ગુરૂશિષ્ય એક થઈ અલખ આરાધે છે. શિષ્ય મુક્તિનો મારગ પકડી ગુરૂની ચરણરજ બની જીવે છે.

જ્યારે આપણે
કોઇપણ વ્યક્તિ
વસ્તુ કે પરિસ્થિતિ સાથે
સંપૂર્ણ અપેક્ષા વિહિનતાથી સંબંધાઇએ છીએ-
ત્યારે જે તે
વ્યક્તિ, વસ્તુ કે પરિસ્થિતિ
આપણા ગુરૂ રૂપે પ્રગટ થાય છે .....

જે અપેક્ષા વિના જીવે છે એને માટે સમગ્ર જગત ગુરૂરૂપ છે. **જેને જીવવા કરતાં શીખવાની લગની વધુ છે એ ગુરૂથી વંચિત રહેતા નથી...** સાચી પ્યાસ ન હોય ત્યાં સુધી સાચા ગુરૂ અને સાચી વિધિઓ પણ નકામી છે. સાચી પ્યાસ હોય એટલું પુરતું છે. જગતમાં કયારેય પણ ગુરૂની કમી નથી હોતી શિષ્યને સસ્તામાં ગુરૂ મળી જાય તો પણ એની કિંમત પાછળથી ચુકવવી પડે છે !

ગુરૂ શિષ્યનો સંબંધ સમજણનો, જવાબદારીનો સંબંધ છે શિષ્ય ગુરૂને Taken for Granted ન લઈ શકે. **ગુરૂ માસ્ટર છે, મદારી નથી.** ગુરૂ પબ્લીક પ્રોપર્ટી નથી. ગુરૂ આપણા Observation નિરીક્ષણની સામગ્રી પણ નથી. ગુરૂને શરીર ધારવા એ ગુરૂદ્રોહ છે. **ગુરૂ એ આપણાં આત્માની અભિવ્યક્તિ છે.**

**-શિષ્યે ગુરૂને** Passive **બનાવવાના પ્રયત્નો છોડવા જોઇએ.**

**-ગુરૂ કોઇ સમજવાનો વિષય નથી,**
**ઝુકવાનું ઠેકાણું છે.........**

# ભજન – ૩

પહેલાં પહેલાં જુગમાં રાણી,
તું હતી પોપટીને અમે રે પોપટ રાજા રામનાં,
ઓતરાતે ખંડમાં આંબલો પાકયો ત્યારે,
સુંડલે મારેલ મને ચાંચ રાણી પીંગલા
હે . એ . ઇ રે પાપીડે મારા પ્રાણુ જ હરિયાને,
તોયે ન હાલી મોરી સાથ રાણી પીંગલા,
દનડા સંભાળો ખમ્મા પૂરવ જનમના સહેવાસ.
બીજા બીજા જુગમાં રાણી,
તુ હતી મૃગલીને અમે મૃગેશ્વર રાજા રામનાં,
વનરા તે વનમાં પારધીએ ફાંસલો રે બાંધ્યો,
પડતાં છાંડયા મેં મારા પ્રાણુ જ રાણી પીંગલા.
હે...એ ઇ રે પાપીડે મારા પ્રાણુ જ હરિયાને,
તોયે ન હાલી મોરી સાથ રાણી પીંગલા.. દનડા.....
ત્રીજા ત્રીજા જુગમાં રાણી,
તુ હતી બ્રાહ્મણીને અમે રે તપેશ્વર રાજા રામના,
કુંડલિક વનમાં ફૂલ વિણવાં ગ્યાતા ત્યારે,
ડંસિયેલ કાળુરો નાગ રાણી પીંગલા . દનડા...
ચોથા ચોથા જુગમાં રાણી
તુ હતી પીંગળાને અમે રે ભરથરી રાજા રામનાં.
તો યે ન હાલી મોરી સાથ રાણી પીંગલા,
દનડા સંભાળો ખમ્મા પૂરવ જનમના સહેવાસ.

# -: પૂ. ગુરૂજીનું ઉદ્‌બોધન :-

આ ભજન રાજા ભરથરીનું છે. વૈરાગ્ય પ્રગટતાં ભરથરીને પૂર્વજનમનું જ્ઞાન થાય છે. અને ઋણાનુંબંધનાં સબંધોની વ્યર્થતા દેખાય છે. માતા – પિતા, પુત્ર – પત્નિ, પુત્રી – પુત્રાદિ, આપણાં બધાજ સંબંધો ઋણાનુંબંધ છે. અને આપણે સૌ નિમિત માત્ર છીએ. પરંતુ ભ્રમણાને લઈને કર્તાપણું રોપીએ છીએ અને પ્રેમ જેવાં રૂપાળાં નામ આપીએ છીએ. કબીરજી કહે છે :-

"એક મોહ કે કારણે. ભરત ધરી દો દેહ;
તે નર કૈસે છુટિયે, જિનકે બહુત સ્નેહ."

ભરત ઋષીને એક મૃગના બચ્ચા પર બહું જ હેત થયું હતું. તેમણે તેમને પાળીને મોટુ કર્યું હતું. પરંતુ બચ્ચાના મરી જવાથી, એનાં પરનાં હેતનાં કારણે તેમને બીજો જન્મ ધારણ કરવો પડયો હતો. આમ જો આવા ઋષીને ફક્ત એક જ મોહને કારણે બે શરીર ધારણ કરવા પડતા હોય તો મનુષ્ય જે રોજ રોજ અનેક સ્નેહ ઉભા કરે છે તેનો શો હિસાબ?

ઋણાનુબંધ એ તો પડછાયા જાડે પ્રિત છે.
કાં તો જડ બનાવે,
કાં તો નિરાશ કરે......
આપણો આત્મા તો તરસ્યો રહી જાય છે !

કોઇક કોઇક વેળાં કોઈ સાધકને થોડી ઘણી પૂર્વજન્મની સ્મૃતિ પ્રગટે છે, કારણકે પ્રકૃતિને સાધકમાં વૈરાગ્ય પ્રગટે, સાધનામાં બળ માટે આ જરૂરી લાગ્યું હોય. પૂવ-જન્મની સ્મૃત્તિ તિવ્ર વૈરાગ્ય અને વૈરાગ્યથી પ્રગટતા Awarnessની પીડા જન્માવે છે. જે હવે જીરવવી અઘરી પડે છે, આ પીડા જીરવવી અઘરી છે. ભરથરીને પીંગલા સાથેના ચાર ચાર જુગના સહવાસની નિરર્થકતાં દેખાતાં એની દ્રષ્ટિ હવે આત્મીય સંબંધની ખોજ તરફ વળે છે. ગુરૂ શિષ્યના સંબધ આત્મીય છે અને એટલે જ ગુરૂ સહજ મળતાં નથી, શોધવા પડે છે આપણાં મોહ પણ વિર્યવિહિન હોય છે. ભરથરીનો મોહ સર્વાંગી, સંપૂર્ણ, પૂરો હતો એટલે **મોહ વૈરાગ્યમાં પરિણમી શકયો.**

**મોહની અવધિ નહિં**
**પણ**
**મોહની તિવ્રતા**
**મોહની પાર લઇ જાય છે.........**

# ભજન – ૪

છોડી મતજા મને એકલી રે વણજારા;
મને મેલી મતજા પરદેશમાં વણજારા,
જી હો વણજારા.

કાયા છે કાચની પૂતળી વણજારા,
એને ફૂટતા નહીં લાગે વાર રે વણજાર,
જી હો વણજારા.

આંબો જાણીને તારો સંગ કર્યો વણજારા,
મારા કરમે નિકળ્યો બાવળ રે વણજારા;
જી હો વણજારા

ડુંગર ઉપર દેલડી વણજારા,
હું તો ચડી ચડી જોઉં તારી વાટ રે વણજારા,
જી હો વણજારા.

દુધે ભરી તલાવડી રે વણજારા,
એને મોતીએ બાંધેલ પાળ રે વણજારા,
જી હો વણજારા.

કાજી મામદશાની વિનંતી રે વણજારા,
જીવડા રોકાઇ જા આજની રાત રે વણજારા,
જી હો વણજારા.

સોનું જાણીને સંગ કિધો વણજારા,
મારા કરમે નીકળ્યું કથીર રે વણજારા,
જી હો વણજારા.

# * પૂ. ગુરૂદેવનું વક્તવ્ય *

"છોડી મને મત જા એકલી" આ કાજી મહંમદ શાહનું ભજન છે. આ પ્રેમલક્ષણા ભક્તિનું ગીત છે ભકત પરમાત્માને અથવા શિષ્ય ગુરૂને પ્રિયતમ રૂપે ચાહે છે. ભકત કે શિષ્ય, પરમાત્મા કે ગુરૂની પ્રેયસી બની રિસાય છે, મનાવે છે, ઝઘડો કરે છે, ધોખો કરે છે, આળ મુકે છે કે શરમાય છે ગુરૂ કે પરમાત્માને પૂજનીયને બદલે પ્રિયતમરૂપે ચાહે છે. પરમાત્મા માત્ર એક હાઇપોથીસીસ મટી જીવંત ધબકતું અસ્તિત્વ દેખાય છે ત્યારે જ આવી ભક્તિ પ્રગટે છે.

નવધા ભકિતમાં આ પ્રકારની ભકિત શ્રેષ્ઠ છે. ગુરૂ કે પરમાત્મા શિષ્યને માટે તડપે એ એની શ્રેષ્ઠત્તમ ઊંચાઈ છે. મીરા કૃષ્ણને ચાહે છે. કૃષ્ણ રાધાં રાધાં બોલતાં પ્રાણ ત્યજે છે, પરમાત્માને સમોવડ, પોતાની હેડીનો ગણીને ભગવાન સાથે વાત કરતાં ભકત ઉપર શ્રી ઝવેરચંદ મેઘાણીએ એક સરસ કાવ્ય લખ્યું છે :-

ગરજ હોય તો મને આવ પ્રભુ ગોતવાને,
એજી હું શીદ આવું તારે પાસ રે.
ખોજ મને પ્રભુ હોય તારે ખેવનાને,
એજી હું શીદ સહેજે જલાઉ રે.

......ગીત તો બહુ લાંબુ છે. છેલ્લી પંકિતઓ કંઇક આવી છે કે-

લખ રે ચોરાસીને, ચકરાવે વળી રે
એજી ભમી ભમી ઢૂંઢણહાર રે,
ડાહ્યો થઇને કાં દાવ પૂરો દે ને,
એજી કાં તો હાર સ્વીકાર રે.
ગરજ હોય તો.........

આ પદ શ્રી મેઘાણી એ ભાવનગર સાહિત્ય સભામાં આશરે તા. ૨૧-૯-૧૯૪૦ના સાંજના સમારંભમાં ગાયા પછી એ સભાનાં પ્રમુખશ્રી નટવરલાલ સુરતી એ "સૌરાષ્ટ્રની વૈષ્ણવની વાર્તાઓ"માંથી ગોવિંદ સ્વામીની વાર્તા રજુ કરેલ. વાર્તા કાંઇક આ પ્રમાણે છે :-

શ્રી નાથજી પ્રભુ પોતાના ભક્ત ગોવિંદ સ્વામીની સાથે દડે રમતાં હતાં. દાવ શ્રી નાથજીને માથે હતો. એવામાં મંદિરમાં પ્રભુ દર્શનની ટંકોરી વાગી. શ્રી નાથજી ચમકયા અને પોતે મંદિરમાં હાજર થઇ જવું જોઇએ એટલે મંદિર તરફ દોટ મુકી. **"પૂરો દાવ દીધા વગર જઇશ કયાં ?"** -એમ કહીને ગોવિંદ સ્વામીએ, પાછળ દોડી, પ્રભુની પીઠમાં દડો માર્યો. પુજારીઓ એ ગોવિંદ સ્વામીને પીટયા (માર માર્યો) પછી ભોગ ધરાવવા ટાણે પ્રભુ થાળ જમ્યા નહિ. ત્યારે પૂજારીએ કારણ પૂછતા ભગવાને જણાવ્યું કે હું અધુરે દાવે અંદર દોડી આવ્યો. વાંક મારો ગણાય. એમને જમાડો પછી જ જમીશ !

સુફી હાજી મમદ શા પરમાત્મા કે ગુરૂને વણજારાની ઉપમાં આપી, પોતાને પ્રેયસી રૂપે કલ્પી, પોતાને છોડીને જતા ન રહેવાં માટે કાલકુદી કરે છે. પણ સાથો સાથ દુવાઓ પણ દે છે. કાયાને કાચની પૂતળી કહી પરમાત્માને ચીમકી આપે છે કોણ જાણે એમ પણ પરમાત્મા રોકાઈ જાય ....... પરમાત્માનું, ગુરૂનું આ સ્વરૂપ બતાવી પોતાનો વિરહ, પોતાની તડપન દર્શાવે છે. પોતાની સાચબી દેખાડે છે, પરમાત્માનાં વખાણ કરે છે. એટલું જ નહિ કથીર કહી વખોડે પણ છે. આ બધા જ ધમપછાડા એટલા માટે જ કે એમ કરતા પરમાત્માં રોકાઇ જાય. રોકાઇ જાય તો પછી મનાવી લેવાય. પોતાની વિહવળતાં, નિષ્ફળતાં અનેક ઉપમાં, રૂપક આપી વર્ણવે છે, પણ સ્ત્રી સહજ લજ્જા ધારણ કરી સીધેસીધું રોકાવાનું કહેણ ટાળે છે. કારણ કે આમાં એને પૌરુષ – જંગલીપણું – આક્રમકતા લાગે છે પણ વિરહની, તડપનની પરાકાષ્ઠા એ તો સ્ત્રી માટે પરમાત્માને પામવાના માર્ગમાં જે છેલ્લી અને મુખ્ય અડચણ છે તે લજ્જા, સંકોચ, આબરૂની બીક બધું હોડમાં મુકી **જીવડા રોકાઇ જા આજની રાત** – કહી દે છે...

પરમાત્મા તો એની સાથે જ હતા જ, પણ લજ્જા, આબરૂના પડ નીચે દેખાતા ન હતા. એ પડદો હટી જતાં ભક્ત અને ભગવાન, શિષ્ય અને ગુરૂ એકાકાર બની જાય છે, બધી દૂરતા ખરી પડે છે, પ્રેમ પૂર્ણરૂપ પ્રગટે છે.........

# ભજન – ૫

જાડેજા, પરદેશમાં નથી કોઇ આપણું રે,
કોને કહીયે દિલડાની વાત જાડેજા,
હા, દેશી રે મળે આપણાં દેશના રે,
જાડેજા, સાધુના શહેરમાં હિરાના હાટડા,
વસ્તુ કાંઈ મળે છે અણમોલ જાડેજા,
એવા સુગરા હશે તે વસ્તુ વ્હોરશે,
નુગરા શું જાણે એના મોલ જાડેજા,
.....પરદેશમાં......
જાડેજા સાધુના શહેરમાં માન સરોવરા રે,
હંસલા આવી બેઠા એની પાળ જાડેજા,
મોતીડા ચણે રે સવા લાખના,
બીજો કોઇ નથી આહાર જાડેજા.. ...પરદેશમાં......
જાડેજા સાધુના શહેરમાં આંબા આંબલી,
સુડલા આવી બેઠા એની પાળ જાડેજા,
એવા મનવાંછિત ફળ ચુગતા.
બીજો નથી કોઇ આહાર જાડેજા... પરદેશમાં......
જાડેજા ભેદા રે ભેદી નવ રાખીયે,
સબ ઘરમાં વસે મારો રામ જાડેજા,
પિયાલા ભરી ભરી પ્રેમના રે,
હરિજન હરિજનને પાય જાડેજા . ...પરદેશમાં......
જાડેજા હાલો રે જઈએ ગુરૂના દેશમાં,
હવે વાર ન લગાડ જાડેજા
જેસલને ઘરેથી તોરલ બોલિયા,
સંતોનો બેડલો સવાય જાડેજા .....પરદેશમાં......

ઉપરોક્ત ભજનમાં સતી તોરલ જેસલ જાડેજાને માયાવી જગતને પરદેશમની ઉપમાં આપી, વિરહતાના પાઠ શીખવવાની સાથેસાથ સાધુ અને ગુરૂના દેશનો એટલે કે સમ્યક દ્રષ્ટિનો મહિમાં ગાય છે.

શ્રીમદ્ ભગવદ્ગીતામાં ભગવાન શ્રી કૃષ્ણ વારંવાર અર્જુનને સંબોધે છે. ગંગાસતી વારંવાર પાનબાઇ શબ્દ પર ભાર દઇને બોલે છે, તેમ તોરલ વારંવાર આ ભજનમાં જાડેજા કહીને જેસલને સંબોધે છે. કારણ કે આ જીવંત સંવાદ છે, જાગૃત વ્યક્તિઓએ શબ્દના માધ્યમ દ્વારા પોતાના પ્રાણ એમાં રેડયા છે રેડિયો કે ટેલિવિઝનમાં બોલનારને સાંભળનાર કોણ છે, અને સાંભળનાર છે કે નહિ તેની પણ જાણ હોતી નથી, તેવી પ્રાણવિહિન વાણી આ નથી એક ખાસ વ્યકિતને ઉદ્દેશીને પ્રાણમાંથી પ્રગટેલ પુકાર છે. જે તે સાંભળનારને તો જગાડે છે પણ પાછળથી હજારોને પણ કામ આવે છે. હજારોને ઉદ્દેશીને કહેલી પ્રાણવિહિન વાણી એકને પણ ઢ ઢોળી શકતી નથી, જ્યારે એક જ વ્યકિતને,ઉદ્દેશીને નીકળેલી પ્રાણવાન વાણી હજારોને જગાડે છે.

## ભજન — ૬

ભકિત રે કરવી તેને રાંક થઇને રહેવું ને,
મેલવું અંતરનું અભિમાનન રે,
સદ્ગુરૂ ચરણમાં શીશ નમાવીને;
કરજોડી લાગવું પાય રે .. ભકિત ....
જાતિપણું છોડી પાનબાઇ અજાતિ થાવું,
કાઢવો વરણ વિકાર.
જાતિને ભાતિ નહિ હરિ કેરા દેશમાં રે,
એવી રીતે રહેવું નિર્મળ રે... ...ભકિત......
પારકા અવગુણ કોઇના જુવે નહિને,
એને કહીએ હરિના દાસ.
આશાને તૃષ્ણા એકે નહિ ઉરમાં,
એને દૃઢ કરવો વિશ્વાસ રે...... ભકિત .....
ભકિત કરો તો તમે એવી રીતે કરજો પાનબાઇ,
રાખજો વચનમાં વિશ્વાસ રે.
ગંગાસતી એમ જ બોલિયા રે,
એને કહીએ હરિ કેરાદાસ....... ભકિત.. ....

# ✻ ગોરશ્રીનું વક્તવ્ય ✻

"ભક્તિ રે કરવી તેને રાંક થઇને રહેવુ"– ગંગાસતી દ્વારા વિરચિત ૫૨ ભજનોમાના શરૂઆતનું ભજનમાંનુ આ એક છે. ગંગાસતીએ પાનબાઇને ઉદ્દેશી "ભક્તિ કરવી તેને રાંક થઇને રહેવાનો" ઉપદેશ આપેલ છે. "To a blessed are the poor to stay" આ ઉપદેશને તળપદી ભાષામાં સચોટ રીતે રજૂ કરેલ છે Fourth wayની ટર્મિનોલોજી (Terminology)માં કહીએ તો –**પર્સનાલિટી** [Personality] **ના ભોગે સત્વ એસેંસ** [Essence] **વિકસાવવાની વાત છે.**

ભજનમાં ગંગાસતી ભક્તિની જુક્તિ વિગતે વર્ણવે છે. અભિમાન મુકી સદ્દગુરૂનું શરણું શોધી, જાતિ અને વર્ણનો મદ મુકી નિર્મળ રહેવાની શીખ આપતાં ગંગાસતી બીજાનો વાંક જોવાનો છોડી, આશા તૃષ્ણા રાખ્યા વગર એ જોવાનું કહે છે.

વચન બે જાતના (૧) આપ્તવચન (૨) ગુરૂવચન. આ વચનો પ્ર.ત શ્રદ્ધા કેળવવાની શીખ આપતાં કહે છે કે–

**જેને વચનોમાં શ્રદ્ધા છે–**
**એજ હરિના દાસ છે.**

–આ ભજન ગંગાસતીના શ્રેષ્ઠ ભજનોમાનું એક છે.

# ભજન–૭

આત્માને ઓળખ્યા વિના રે,
લખ ચોરાસી નહિતો મટે રે જી.
એવી ભ્રમણાને ભાંગ્યા વિના રે,
ભવના ફેરા નહિ તો મટે રે જી......આત્મા......
હંસલો ને બગલો રે રંગે રૂપે એક છે રે જી;
ઇતો એના ચારા થકી ઓળખાય રે હાં... ...આત્મા.. ...
કાગડા ને કોયલ રે રંગે રૂપે એક છે રે જી,
ઇતો એની બોલી થકી ઓળખાય રે... ...આત્મા.. ...
સતી એને ગુણકા રે રંગે રૂપે એક છે રે જી,
સતી સેવા થકી ઓળખાય રે હાં .....આત્મા......
ગુરૂના પ્રતાપે રે બાઈ મીરા બોલિયા રે જી,
દેજો અમને સંતનાં ચરણોમાં વાસ રે.....આત્મા.. ...

## * શ્રી ગોરવાણી *

"આત્માને ઓળખ્યા વિના...." આ મીરાબાઇનું ભજન છે મીરાબાઈ આત્મજ્ઞાનનું (Self Knowledge) મહાત્મય વર્ણવી, ભ્રમણા એટલે કે કલ્પના ત્યાગવાનુ કહે છે

એમ કહેવાય છે કે હંસને દૂધ અને પાણી એક પાત્રમાં ભેગા કરી આપીએ તો દૂધ અલગ કરી પી જાય છે અને પાણી રહેવા દે છે આને **નિર-ક્ષીર વિવેક** કહે છે હંસ એ વિવેક બુદ્ધિનો પ્રતિક છે, બગલો તકસાધુતાનું પ્રતિક બગલો પાણીમાં જાણે કોઇ ઋષી ધ્યાન કરતા હોયતે રીતે ઊભો હોય છે, પણ જેવુ કોઇ માછલુ પાસે આવે છે કે તરત જ ઝડપી લે છે વિવેકબુદ્ધિ અને તકસાધુતામાં બારિક ભેદ છે. બાહ્ય રૂપે એ સરખાં જેવાં લાગે છે. સ્વર્ગ – નર્ક, પાપ – પૂણ્ય, સંસાર – સાધના આ બધા દ્વંદ્વ બહુ અડી અડીને આવેલાં છે, એમાં માત્ર બારિક ભેદ હોય છે હંસલો અને

બગલો એનાં ચારા થકી ઓળખાય છે, તેમ વિવેકબુદ્ધિ અને તકસાધુતા તેના આધારે, તેના પાયા, તેના હેતુ એની વૃતિથી ઓળખાય છે.

સ્ત્રી માટે સેવા કરવી એ સ્વાભાવિક છે પણ સ્ત્રી પોતાની સ્થિતિ પોતાની ભાવનાને આધારે, જેને મમતા આપે છે તેને સેવે છે. જે સ્ત્રીને શૌર્ય આકર્ષે છે, તે શુરવીરને સેવશે, જે સ્ત્રીને આબરૂ વધું અપીલ કરતી હશે, તે ખાનદાની સેવશે. જેને પૈસાનુ આકર્ષણ હશે, તે ધનિકને સેવશે. જેને કિર્તીનો મોહ હશે, તે પ્રખ્યાતીને સેવશે. આમ સ્ત્રી કોને સેવે છે એના આધારે તેનુ ચારિત્ર્ય ઓળખાય છે જાગૃતિ અને સત્તા, સંત અને સંસારી એ બન્નેમાંથી પસંદ કરવાની હોય અને સ્ત્રી અજ્ઞાની અને સંસારીને સેવે તો એ સતીનુ લક્ષણ નથી, ગુણિકાનુ લક્ષણ છે. જન્મે કોઈ બ્રાહ્મણ હોતુ નથી, તેમ જન્મે કોઈ સતી હોતુ નથી. સતીત્વ તો તપ દ્વારા પ્રગટે છે **અને તપ જ્યારે સાંસારિક સુખોની વ્યર્થતા દેખાય ત્યારે પ્રગટે છે.**

સામાન્યત : એવો શીરસ્તો છે કે ભજનની છેલ્લી કડીમાં રચયિતા, પોતાનો અને પોતાનાં ગુરૂનો ઉલ્લેખ કરી સંત ચરણ, ગુરુ ચરણ કે પ્રભુ ચરણ સેવવાની ભાવના વ્યક્ત કરે છે. ભક્તો હરિ, ગુરૂ, સંતને એક રૂપે ગણે છે અને મુકિત માંગવાને બદલે તેના શરણની યાચના કરે છે

## ભજન—૮

સાધુ તારો સંગડોના છોડુ મેરે લાલ,
લાલ મેરા દિલના સંતો, લાગી રે વૈરાગી રામા,
જોયુ મેં તો જાગીને રે જી.
કપડા ભી રંગ્યા સંતો, અંચલા ભી રંગ્યો રે,
જબ તક અપનો મનડો ન રંગ્યો મેરે ભાઇ ..લાલ.
ઇન્દ્રિય બાંધ્યા જોગી જોગી ન કહેનાર રે જી,
જબ તક અપનો ન બાંધ્યો...લાલ.
બસ્તીમે રહેના જોગી માંગીને ખાના રે જી,
ટૂકડેમે ટૂકડા કરી દેના મેરે લાલ ..લાલ.
મછંદરનો ચેલો જતિ ગોરખ બોલિયા રે;
બોલ્યા છે કાંઇ અમૃત વાણી મેરે લાલ લાલ.

# ❋ શ્રી ગુરૂવાણી ❋

"સાધુ તારો સંગડો ના છોડું" – આ ભજન એ શ્રી ગોરખની રચના છે. ગોરખ અહિં બહિરંગ સાધનાથી ઉપર ઉઠી અંતરંગ સાધના તરફ વળવાની વાત ઉપમાં આપી સમજાવે છે.

ગંગાસતીની **અજાચકપણાની** કે માંગ્યા વિનાની વાત આપણને સમજાય, પણ ગોરખની લોકોની વચ્ચે રહી માંગીને ખાવાની વાત સમજવી અઘરી છે, કારણ કે આ અંતરંગ સાધનાની ઉચ્ચ ભૂમિકાની વાત છે.

"જરૂરિયાત પૂરતું
માંગીને
નિર્વાહ કરવાથી
અને
લોકો વચ્ચે રહેવાથી
ઋણાનુબંધ જલદી પાકવા લાગે છે
અને
કર્મ ખરવા લાગે છે........

# ભજન – ૯

જેસલ કરીલે વિચાર, માથે જમ કેરો ભાર,
સ્વપ્ના જેવો છે સંસાર, તોરલ કરે છે પોકાર.
આવોને જેસલરાય, આપણે પ્રેમથકી મળિયે રે,
પૂરા સાધ હોય ત્યાં જઈ ભળિયે રે.
આવોને જેસલરાય આપણે...

આ ભવ આવિયો અવતાર, માથે સદ્ગુરૂ આધાર,
જાવું છે ધણીને દ્વાર, બેડલી ઉતારો ભવપાર.
આવોને જેસલરાય આપણે ..

ગુરૂના ગુણનો નહિ પાર, ભક્તિ ખાંડા કેરી ધાર,
નુગરા શું જાણે આ સંસાર; એનો એળે ગયો અવતાર
આવોને જેસલરાય આપણે...

છીપું સમંદરમાં થાય, વાકી ધન્ય રે કમાય,
સ્વાતિના મેહુલા વરસાય, ત્યાં તો સાચા મોતી થાય.
આવોને જેસલરાય આપણે...

મોતી એરણમાં વેરાય, માથે ઘણુ કેરો ઘાવ,
ફૂટે તે ફટકિયા કહેવાય, સાચાની ખરે ખબરું થાય.
આવોને જેસલરાય આપણે ..

જીવની ગતિ ગુરૂની પાસ, જેવી કસ્તુરીમાં સુવાસ,
તોળી રાણી તેજનો અંબાર, સેવકોની લેતા સંભાળ.
આવોને જેસલરાય આપણે...

નવલખ કોર્થળિયો બંધાય તે તો ગાંધીડા કહેવાય,
હિરા–માણેક હાટે વહેંચાય, તેનાં મૂલ મોંઘા થાય.
આવોને જેસલરાય આપણે...

નિત્ય ઉઠી નદીએ નાવા જાય, કોયલા ઉજળા ના થાય,
ગુણિકાનો બેટો બાપ કોને કહેવા જાય માવઠે મોલ ન થાય.
આવોને જેસલરાય આપણે...
દેખા દેખી કરવા જાય તે નર અધુરિયા કહેવાય,
દિવો લઇ કુવે પડવા જાય, આવી વાણી સતી તોરલ ગાય.
આવોને જેસલરાય આપણે...
જેસલ કરીલે વિચાર
માથે જમ કેરો ભાર
સ્વપના જેવો છે સંસાર, તોરલ કરે છે પોકાર.

## ✻ પ. પૂ. ગુરૂજી શ્રી ગોરજીનું દ્રષ્ટિબિંદુ ✻

"જેસલ કરી લે વિચાર..." ભજનમાં સતી તોરલ જેસલ જાડેજાને સંસારની અસારતા વર્ણવી દ્રઢતા અને શ્રદ્ધા રાખી સત્તની મહતા દેખાડે છે. અને પ્રેમ સ્વરૂપ પરમાત્મામાં મળી જવાં સતત આમત્રે છે.

**આધ્યાત્મિક જ્ઞાનનું હસ્તાંતિકરણ**
**આ એક જીવંત પ્રક્રિયા હોઈ,**
**કાયમ માટે એનું સ્વરૂપ**
**કોયડા રૂપે રહે છે.**
ભજનમાં સંતો
ઉપમાં અને રૂપક દ્વારા
કોયડા રૂપે
ગુઢ જ્ઞાન પ્રકટાવે છે...........

## સમાપન બોલ :—

આપણે આજે કહીએ છીએ કે ભજનો મૃતપ્રાયઃ થઇ ગયા છે. હક્કિતે આપણે ભજન પ્રત્યે સંવેદનહિન, મૃત (Dead) થઇ ગયા છીએ ઉત્તમ ભાવ, સંગીત, લયને ઝીલવાં જેટલું સક્ષમ અને સવેદનશીલ આપણું હૃદય રહ્યું નથી.

**આજની તારીખે પણ,**
**ભજન દ્વારા—**
**સાધના થઇ શકે છે.............. !**

॥ ૐ ॥

* "સાધના એ "કાચો ગર્ભ" છે" એને જાળવવો.

* "મા-બાપથી ઋણ મુક્ત થવા સેવા જરૂરી છે. આપણે શારીરિક અને માનસિક વિચારોમાં મા-બાપની જ પ્રતિકૃતિ છીએ. આપણાં મા-બાપે તેઓના મા-બાપ સાથે કરેલી ભૂલો ન કરવી."

* આધ્યાત્મ કોઈ રસાયણ કે ભૌતિક વિજ્ઞાનની જેમ બુદ્ધિથી સમજવાનો વિષય નથી. બુદ્ધિ જ નડે છે !"

* Energy follows meditation.

* "ઉગાડવું હોય તો ખેતર ખાલી જોઇએ."

— શ્રી ગોર

અજ્ઞાન છે એવી પ્રતિતિ થવી એ
માનવ બન્યાનું લક્ષણ.

અજ્ઞાન છે એ આપણી અંદર છે એવી
પ્રતિતિ થવી એ સાધક બન્યાનું લક્ષણ.

અજ્ઞાન છે એ ભ્રમ છે એવી પ્રતિતિ
થવી એ સિદ્ધ બન્યાનું લક્ષણ.

**-શ્રી ગોર**

## શ્રી ગોર આશ્રમ

હરદ્વાર. (યુ. પી.)

જાગૃતિ પ્રિન્ટર્સ મીલપરા મેઇન રોડ, ૧૫, લક્ષ્મીવાડી, રાજકોટ.
ફોન : ૩૪૯૦૧